ક્રમાંક:રાપબો/ HMAT/૨૦૨૨/૧૩૮૦ - ૧૪૨૫

રાજ્ય પરીક્ષા બોર્ડ,
સરકારી પુસ્તકાલય સામે,
સેકટર-૨૧, ગાંધીનગર
તા:૦૬/૧૦/૨૦૨૨

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
તમામ

**વિષય: "આચાર્ય અભિરૂચિ કસોટી (HMAT)-૨૦૨૨" ની પરીક્ષા અંગે**

**સંદર્ભ: અત્રેની કચેરીના તા:૨૧/૦૬/૨૦૨૧ના જાહેરનામાં ક્રમાંક: રાપબો/HMAT/૨૦૨૧/૪૧૭૮-૪૨૨૧**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે સંદર્ભ દર્શિત જાહેરનામાથી રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા રજિસ્ટર થયેલી અનુદાનિત (ગ્રાન્ટ-ઇન-એડ) માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં આચાર્ય તરીકે નિમણૂંક મેળવવા માટેની "આચાર્ય અભિરૂચિ કસોટી (HMAT)-૨૦૨૨" પરીક્ષા માટે નિયત લાયકાત અને નિયત અનુભવ ધરાવતા ઉમેદવારો પાસેથી આવેદનપત્રો મંગાવવામાં આવેલ હતા. જાહેરનામામાં જણાવ્યા પ્રમાણે ભરતી સમયે ભરતી કમિટિ દ્વારા નિયત લાયકાત અને નિયત અનુભવની ચકાસણી કરવામાં આવશે અને ભરતી કમિટિનો નિર્ણય આખરી રહેશે.

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ઓનલાઇન આવેદનપત્રો મેળવી તેમની પરીક્ષાનું આયોજન કરવું અને પરિણામ/પ્રમાણપત્ર આપવાની કામગીરી કરવામાં આવે છે. આ જાહેરાત સંદર્ભે **તા:૧૬/૧૦/૨૦૨૨ ને રવિવાર ના રોજ** બપોરે **૧૩.૦૦ કલાક થી ૧૬.૦૦ કલાક** દરમિયાન અમદાવાદ શહેર, અમદાવાદ ગ્રામ્ય, રાજકોટ અને સુરત જિલ્લા કેંદ્રો ખાતે પરીક્ષા યોજવાનું આયોજન કરેલ છે. આ પરીક્ષામાં ઉમેદવાર જાહેરનામા મુજબ નિયત અનુભવ અને નિયત લાયકાત ધરાવે છે તે શરતે આ પરીક્ષામાં આવેદનપત્ર ભરનાર અને ફી ભરનાર તમામ ઉમેદવારને શરતી પરીક્ષા આપવા દેવામાં આવશે. પરીક્ષા આપવાથી ઉમેદવાર નિયત લાયકાત અને નિયત અનુભવ ધરાવે છે તેવો દાવો કરી શકશે નહીં.

આ પરીક્ષામાં બેસનાર તમામ ઉમેદવારોની પાત્રતાની ચકાસણી જે-તે સમયે નિમણૂક કરનાર ભરતી સમિતિ દ્વારા કરવામાં આવશે જેથી ભરતી સમિતિની ભરતી પ્રક્રિયા વખતે થનાર નિર્ણયને આધિન રહી ફોર્મ અને ફી ભરેલ તમામ ઉમેદવારો આ પરીક્ષામાં બેસવાની જરૂરી પાત્રતા ધરાવે છે તેવી શરતે પરીક્ષામાં બેસી શકશે. આ અંગેની જાણ આપના તાબાની સરકારી અને અનુદાનિત શાળાઓમાં કરવાની રહેશે.

| ક્રમ | વિગત | તારીખ/સમયગાળો |
|---|---|---|
| ૧ | આચાર્ય અભિરૂચિ કસોટી (HMAT)-૨૦૨૨ પરીક્ષા માટે હોલ ટિકિટ (https://ojas.gujarat.gov.in/ પરથી) ડાઉનલોડ કરવાનો સમયગાળો | તા:૦૭/૧૦/૨૦૨૨ (૧૪:૦૦ કલાક) થી તા:૧૬/૧૦/૨૦૨૨ (૧૩:૦૦ કલાક સુધી) |
| ૨ | પરીક્ષાની તારીખ અને સમય | તા:૧૬/૧૦/૨૦૨૨ (બપોરે ૧૩.૦૦ કલાક થી ૧૬.૦૦ કલાક) |

આ અંગેની વખતો-વખતની આપવામાં આવતી સુચનાઓ વેબસાઇટ https://www.sebexam.org/ પર મુકવામાં આવશે.

સચિવ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

**નકલ રવાના જાણસારુ:**

- માન. સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, નિયામકશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગર.

Scanned with OKEN Scanner